જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૨/૨૦૧૯ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૨૦૪૭/૧૯

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## હોટલ સતનામમા ચાલતુ અનૈતિક દેહ વ્યાપારનુ સ્કેન્ડલ પકડી પાડતી ઇસનપુર પોલીસ

ગઇ કાલ તા ૦૧/૧૨/૨૦૧૯ ના રોજ સયુક્ત પોલીસ કમિશ્નર સા.શ્રી સેકટર-૦૨ સાહેબ નાઓ તરફથી સ્ત્રીઓના અનૈતિક દેહ વેપારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ આવા કેસો શોધી કાઢવા સારૂ ડ્રાઇવ રાખવામા આવેલ હોય જેના અનુસંધાનમા આવી પ્રવુત્તી ચાલતી હોય તેવી જગ્યાઓની ખાનગી રાહે તપાસ કરતા હકિકત મળેલ કે ઇસનપુર બી.આર.ટી.એસ વર્કશોપની સામે આવેલ હોટલ સતનામમા હોટલના માલીક તથા મેનેજર તથા સ્ટાફ બહારથી છોકરીઓને બોલાવી પોતાના આર્થિક લાભ સારૂ હોટલમા અનૈતિક દેહ વેપારની પ્રવૃત્તી ચલાવે છે.જે હકિકત આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર જે.એમ.સોલંકી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓએ સદર હકિકતની ખરાઇ કરી ડમી ગ્રાહકને નાણા લઇ હોટલમા મોકલતા હોટલના મેનેજરે ડમી ગ્રાહક પાસેથી પૈસા લઇ એક છોકરી સાથે એક રૂમમા મોકલી આપતા ડમી ગ્રાહકે મિસ્ડ કોલ કરી સંકેત આપતા સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ સોલકી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ ચાવડા તથા એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ તથા એ.એસ.આઇ રફીકઅહેમદ ઉસ્માનગની બ.નં ૪૨૧૧ તથા અ.હે.કો જાકીરખાન મહેબુબખાન બ.નં ૭૬૯૫ તથા અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ બ.નં ૮૮૫૮ તથા અ.હે.કો સુનીલકુમાર જયંતીભાઇ બ.નં ૬૯૭૫ તથા અ.હે.કો યુવરાજસિંહ ભીખુભા બ.નં ૪૯૧૪ તથા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ બ.નં ૫૩૯૨ તથા અ.પો.કો વિજયસિંહ બાબુભાઇ બ.નં ૧૦૧૦૯ તથા લોકરક્ષક વિજય મગનભાઇ બ.નં ૧૩૦૦ તથા વુ.લો.ર પુષ્પાબેન મનસુખભાઇ તથા વુ.લો.ર વૈશાલી જેન્તીભાઇ બ.નં ૧૧૧૫૯ તથા વુ.લો.ર જયાબેન નાઓની સાથે સદરી હોટલમા રેઇડ કરતા હોટલમાથી ચાર છોકરીઓ મળી આવેલ અને તે છોકરીઓને પુછતા પોતાને હોટલના મેનેજર બોલાવતા હોવાનુ અને એક ગ્રાહકના રૂપિયા ૨૫૦/-લેખે હિસાબ આપતા હોવાની હકિકત જાણવા મળેલ અને સદર હોટલના માલીક જગરશીરસીંગ ભપતસીંગ વાલીયા રહે,પૃથ્વી ટાવર જોધપુર ચાર રસ્તા સેટેલાઇટ અમદાવાદ હાજર મળી આવેલ નહિ પરંતુ હોટલ મેનેજર (૧) દિપકકુમાર સ/ઓ ગંગારામ છોકાભાઇ મેઘવાલ ઉ.વ ૨૨ રહે,હાલ સતનામ હોટલ બી.આર.ટી.એસ વર્કશોપની સામે નારોલ રોડ ઇસનપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-કેસરીયાવાદ દેદાત ફળીયુ તા-દરિયાવત જી-પ્રતાપગઢ રાજસ્થાન તથા (૨) ગૌતમભાઇ કનભાઇ પ્રજાપતિ ઉ.વ ૬૦ રહે, મ.નં ૪૧૯ ચોથોમાળ જયસંતોષીમા ફ્લેટ ઘોડાસર અમદાવાદ શહેર (૩) શંકરભાઇ સ/ઓ રાજરતન કાળુજી મેઘવાલ ઉ.વ ૨૩ રહે, હાલ સતનામ હોટલ બી.આર.ટી એસ વર્ક શોપની સામે નારોલ રોડ ઇસનપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-કેસરીયાવાદ દેદાત ફળીયુ તા-દરિયાવત જી-પ્રતાપગઢ રાજસ્થાન તથા (૪) લોકેશ સ/ઓ રામપ્રસાદ ભેરૂલાલ ધોબી ઉ.વ ૨૬ રહે, હાલ સતનામ હોટલ બી.આર.ટી.એસ વર્ક શોપની સામે નારોલ રોડ ઇસનપુર અમદાવાદ શહેર મુળવતન ગામ-ખીમજ તા-રામગંજમંડી જી-કોટા રાજસ્થાનનાઓ મળી આવતા ચાર ઇસમ તેમજ નહિ મળી આવેલ હોટલ માલીક વિરૂધ્ધ જગરશીરસીંગ ભુપતસીંગ વાલીયા રહે, પૃથ્વી ટાવર જોધપુર ચાર રસ્તા સેટેલાઇટ અમદાવાદનાઓ મળી આવતા હોટલમાથી_રોકડા નાણા રૂપિયા ૭૮૨૦/-તથા મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-તથા નિરોધનુ એક બોક્ષ કિંમત રૂપિયા ૦૦/૦૦ તથા હોટલનુ લાયસન્સ કિંમત રૂપિયા ૦૦/૦૦ તથા હોટલનુ લાઇટબીલ કિંમત રૂપિયા ૦૦/૦૦ ગણી કુલ રૂપિયા ૧૭,૮૨૦/-નો મુદ્દામાલ મળી આવતા જે કબ્જે કરી સદરી ઇસમોની વિરૂધ્ધમા ઇસનપુર પોલીસ સ્ટેશન સે.ગુ.ર.ન ૩૫૧૨/૨૦૧૯ ધી અનૈતિક વ્યાપાર (નિવારણ) અધિનિયમ ૧૯૫૬ ની કલમ-૩,૪,૫,૬ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહિ કરેલ છે.અને હાલમા આ ગુનાની તપાસ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ કરી રહેલ છે તા ૦૨/૧૧/૨૦૧૯



**<u>નારણપુરા પોલીસ સ્ટેશન :</u>**

<u>અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી નારણપુરા પોલીસ</u>

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન સાહેબ તથા પો.ઈન્સ. શ્રી જે.આર.પટેલ નારણપુરા પોલીસ સ્ટેશન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી વણશોધાયેલ ગુના શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના હે.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ તથા હે.કો. બંસીભાઈ પરસોત્તમભાઈ તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ તથા પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ તથા પો.કો. વાલસિંહ જીતેંદ્રસિંહ તથા લોકરક્ષક કિરણકુમાર નરસિહજી તથા લોકરક્ષક અરજણભાઈ પ્રેમજીભાઈ તથા લોકરક્ષક દિલીપજી પ્રધાનજી તથા લોકરક્ષક કમલેશભાઈ અમરીશભાઈ વિગેરે નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન <u>હે.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ</u> નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૫૩૫/૧૯ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેકટ કરી <u>આરોપી ચિરાગ હરીશભાઈ મારવાડી ઉવ.૨૭ ધંધો-છુટક મજુરી રહે- કુંભારવાસ દશામાના મંદિરની સામે રામાપીરનો ટેકરો જુના વાડજ અમદાવાદ શહેર</u> નાને નારણપુરા પો.સ્ટે. જા.જોગ.નં.૬૫/૧૯ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબના કામે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતેનો વણશોધાયેલ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## <u>જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :</u>

**<u>મિલકત તેમજ શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી</u>**
**<u>જી.આઇ.ડી.સી વટવા પોલીસ</u>**

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ <u>મોહમદ હમજા ઉર્ફે ગુડુ સ/ઓ મોહમંદહનીફ મોહમંદયાસીન શેખ ઉવ.૨૫ રહે,એજાજનગર વિભાગ-૩ સૈયદવાડી વટવા અમદાવાદ શહેર</u>નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૩૬/૧૯ ધી ઇપીકો ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૨૯/૨૦૧૯ તા-૩૦/૧૧/૨૦૧૯ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ સી.એમ.રાઠોડ તથા અ.પો.કો વિજયસિહ ભુપતસિહ બ.ન ૧૩૧૮૮ નાઓ વોચ કરતા મળી આવતા પકડી લઈ તા: ૩૦/૧૧/૨૦૧૯ ના રોજ પાસા હુકમની બજવણી કરી લાજપોર જેલ સુરત ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## <u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>

**<u>જુગારનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ</u>**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટરશ્રી બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તથા પ્રોહીબિશન/જુગાર જેવી પ્રવુતિ નેસ્ત નાબુદ કરવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા તથા એ.એસ.આઇ.ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૭૫૭૦ તથા અ.હેડ.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં-૪૧૨૮ તથા અ.પો.કોન્સ.રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં.૮૯૨૧ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અ.પો.કોન્સ.સુરેન્દ્રસિંહ માનસિંહ બ.નં.૪૨૪૧ તથા લોકરક્ષક શાહરૂખખાન અશહેદખાન બ.નં.૧૩૨૫૦ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના **<u>સર્વેલન્સ સ્કોડના. અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અ.પો.કોન્સ.રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં.૮૯૨૧</u>** નાઓને ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ગામ જાંબુના ડેલામાં આવેલ મકાનમાં ગેર કાયદેસર જુગાર રમતા મળી આવતા આરોપીઓ પકડી અંગઝડતીના તથા દાવનાં નાણા રોકડા રૂપિયા-૮૦૯૯૦/-તથા મોબાઇલ ફોન નંગ-૧૦ ની કિં.રૂ.૨૬૭૦૦/- મળી તથા એકટીવા ની કિં.રૂ.૨૫,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૧,૩૨,૬૯૦/-નો મુદામાલ કબજે કરી સરખેજ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં-૩૩૪૩/૨૦૧૯ જુગાર ધારા કલમ- ૪,૫ મુજબના કામે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

- **<u>કબ્જે કરેલ મુદ્દામાલ-</u>**

(૧)અંગઝડતીના તથા દાવનાં નાણા રોકડા રૂપિયા -૮૦૯૯૦ /-
(૨)મોબાઇલ ફોન નંગ-૧૦ ની કિં.રૂ.૨૬૭૦૦/-
(૩)એક્ટીવા GJ-01-MU-6118 નુ જેની કિંમત રૂપીયા-૨૫૦૦૦/-ગણી
મળી કુલ્લે રૂપિયા **૧,૩૨,૬૯૦**/-નો મુદામાલ

## પકડાયેલ આરોપીઓ:-

(૧) અલીભાઇ સન/ઓ ઉસ્માનભાઇ રાજાભાઇ ઘાંચી ઉ.વ.૩૦ રહે.આપાભાઇની ચાલીની સામે જાંબુના ડેલામાં સરખેજ ગામ અમદાવાદ શહેર મુળ વતન ગામ-જાંબુ તા-લીબંડી જિ-સુરેન્દ્રનગર

(૨)ઉસ્નોદીન અમીરોદ્દીન મલેક ઉ.વ.૬૧ રહે.સિપાઇ વાસ જામા મસ્જીદની સામે સરખેજ ગામ અમદાવાદ

(૩)અખ્તરભાઇ નુરમહમદ શેખ ઉ.વ.૫૦ રહે.મ.નં.૮૦,મૌલાના આઝાદ પાર્ક સોસાયટી જુહાપુરા વેજલપુર અમદાવાદ

(૪)આરિફભાઇ અબ્દુલ રઝાક રંગરેઝ ઉ.વ.૩૭ રહે.નારોલ બોમ્બે હોટલ પાછળ ડાયાજી પાર્ક મ.નં.બી/૬૫નાઓલ અમદાવાદ

(૫)હાફિઝ મહમદ સન/ઓ બાબુખાન ગુલઝારખાન પઠાણ ઉ.વ.૬૬ રહે.વોર્ડનં.ઇ/૧૫ ની સામે છાપરામાં જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેર

(૬)અબ્દુલ મેહમુદ સન/ઓ અબ્દુલ ગફાર કાળુભાઇ શેખ ઉ.વ.૪૨ રહે.મ.નં.૨૭ હુસેનીપાર્ક બરફની ફેકટરી પાછળ વિશાલા વેજલપુર અમદાવાદ શહેર

(૭)અહેમદહુસેન સન/ઓ જીવાભાઇ દાદુમીયા શેખ ઉ.વ.૫૧ રહે.મ.નં.૦૫,નૌસાદ પાર્ક ફતેવાડી ટાવર પાસે ફતેવાડી વેજલપુર અમદાવાદ શહેર

(૮)ઇમરાનભાઇ સન/ઓ હનીફભાઇ ફતેમહમદ શેખ ઉ.વ.૩૮ રહે.મ.નં.૧૫૨૮ રસુલાબાદ નવી મસ્જીદના ખાંચામાં શાહઆલમ અમદાવાદ

(૯)જીતેન્દ્રભાઇ સન/ઓ રામજીભાઇ ગંગારામ પ્રજાપતિ ઉ.વ.૩૫ રહે.મ.નં.૪/કે/૫૪ વિવેકાનંદનગર હાથીજણ સેકટર-૪ અમદાવાદ શહેર

(૧૦)મુર્તુજા સન/ઓ રસુલભાઇ ગુલાબભાઇ શેખ ઉ.વ.૬૩ રહે.આઇ/૨૫૨ સંકલીતનગર પાણીની ટાંકી આગળ જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેર



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.